# હું વાંચુ ફટાફટ

સંકલન-પઠાણ વસીમખાન  જાઉદ્દીન

નવાપુરા પ્રાથમિક શાળા ઉંદેલ

તા.ખંભાત જી.આણંદ

"બાળકોને વાંચતા કરવા શિક્ષક માટે અઘરું નથી,

પણ તેના માટે યોગ્ય પદ્ધતિ હોવી જોઈએ."



મૂળાક્ષર શીખીએ..........

| | | | |
|---|---|---|---|
| ગ | મ | ન | જ |
| વ | ર | સ | દ |
| અ | બ | ક | છ |
| પ | ડ | ત | ણ |
| લ | ટ | ચ | ખ |

મૂળાક્ષર શીખીએ.........

| | | | |
|---|---|---|---|
| ઝ | હ | ઘ | ળ |
| ભ | ચ | ધ | ફ |
| ઢ | ઠ | ઇ | ઈ |
| શ | થ | ઉ | ઊ |

| | | | |
|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ |
| ઉ | ઊ | ઋ | એ |
| ઐ | ઓ | ઔ | અં |
| અઃ | * | * | * |

ઉમકાળ...

# વાચન મોતી.................૧

| | |
|---|---|
| ૧ | એક |
| ૨ | બે |
| ૩ | ત્રણ |
| ૪ | ચાર |
| ૫ | પાંચ |

| | |
|---|---|
| ૬ | છ |
| ૭ | સાત |
| ૮ | આઠ |
| ૯ | નવ |
| ૧૦ | દસ |

# વાચન મોતી..................૨

| | | | | |
|---|---|---|---|---|
| ટન<br>ટન ટન<br>જનક જય જય.<br>કનક જય જય. | જમ<br>કન<br>કજ | જટ<br>ચજ<br>ચન | જય<br>મણ<br>નટ | જનક<br>જમણ<br>રમણ |
| ભણ<br>ભરત ભણ.<br>ભરત સરસ ભણ.<br>ઝટ ઝટ ભણ. | ગણ<br>ભણ<br>ધણ | ચણ<br>રણ<br>મણ | તરત<br>શરદ<br>બળદ | અમર<br>કમર<br>ભમર |
| ગણ<br>શરદ ગણ.<br>નવ બતક ગણ.<br>દસ બળદ ગણ. | રમ<br>નમ<br>જમ | ગઢ<br>ચઢ<br>સઢ | પગ<br>મગ<br>ઢગ | નળ<br>હળ<br>ફળ |
| લખ<br>મગન લખ.<br>મગન બતક લખ.<br>સરસ અક્ષર લખ. | છગન<br>મગન<br>હસન | કઠણ<br>ફણસ<br>લસણ | કનક<br>જનક<br>રતન | બરફ<br>બતક<br>બટન |

| | | | | |
|---|---|---|---|---|
| રમ<br>રતન રમ.<br>ઘર ઘર રમ.<br>પકડ પકડ રમ | તરસ<br>વરસ<br>સરસ | નરમ<br>ગરમ<br>શરમ | કલમ<br>ચલમ<br>મલમ | રમણ<br>જમણ<br>ખમણ |
| કર<br>ઘર કર.<br>ભરત ઘર કર.<br>ઘર પર ચઢ. | રમત<br>શરદ<br>ગમત | મરદ<br>ભરત<br>દરદ | ભણતર<br>ગણતર<br>ચણતર | અજગર<br>કરવત<br>પરવળ |
| ભર<br>રતન ભર.<br>રતન મગ ભર.<br>ઝટ ઝટ ભર. | ખડખડ<br>ભડભડ<br>દડદડ | ધમધમ<br>ઢમઢમ<br>ધમધમ | ટકટક<br>ઠકઠક<br>ઝટપટ | ટનનન<br>સરરર<br>ખરરર |

@પ્રકાશ...

| | | | | |
|---|---|---|---|---|
| હસ<br>રંજન હસ.<br>કંચન હસ.<br>ખડ ખડ હસ. | રંગ<br>સંગ<br>જંગ | કંગન<br>ચંપલ<br>કંચન | નંગ<br>દંગ<br>ભંગ | જંગલ<br>મંગલ<br>દંગલ |
| રાધા આવ.<br>રમા આવ.<br>રાયણ લાવ.<br>દાડમ લાવ. | રામ<br>નામ<br>કામ | રાત<br>જાત<br>વાત | રમવા<br>જમવા<br>ભમવા | દરાખ<br>બદામ<br>કબાટ |
| સરલા આવ.<br>જમવા ચાલ.<br>દાળ ખા.<br>ભાત ખા. | આસ<br>પાસ<br>નાસ | માન<br>પાન<br>ધાન | હરવા<br>ફરવા<br>તરવા | ખાટલા<br>પાટલા<br>બાટલા |

| | | | | |
|---|---|---|---|---|
| ગાય<br>આમ આવ.<br>ઘાસ ખા.<br>ચરવા જા. | કાકા<br>મામા<br>દાદા | ચાર<br>આઠ<br>બાર | તારા<br>મારા<br>સારા | દાળ<br>ભાત<br>શાક |
| કાળા કાળા<br>કાગા રાણા.<br>ખાય દાણા.<br>થાય શાણા. | આંખ<br>પાંખ<br>ઝાંખ | પાંદડાં<br>સાંકડાં<br>માટલાં | ચાંચ<br>પાંચ<br>સાંજ | રાંકડાં<br>માંકડાં<br>ફાંકડાં |
| ચંપા આવ.<br>લાકડાં લાવ.<br>ભાત રાંધ.<br>કપડાં સાંધ. | નાના<br>છાના<br>કાના | કમાલ<br>જમાલ<br>ધમાલ | જામા<br>ધામા<br>રામા | લટકા<br>મટકા<br>ચટકા |

| | | | | |
|---|---|---|---|---|
| કમલા ભણ.<br>સસલાં ગણ.<br>પાંચ લખ.<br>દસ ગણ. | ધાણા<br>દાણા<br>રાણા | રમતા<br>જમતા<br>ભમતા | ચાખવા<br>રાખવા<br>નાખવા | કડવા<br>સડવા<br>લડવા |
| દાદા ફરવા જાય.<br>કાકા તરવા જાય.<br>રાધા રમવા જાય.<br>જયા જમવા જાય. | કાપડ<br>પાપડ<br>કાવડ | કાતરા<br>પાતરા<br>દાદરા | હાસમ<br>કાસમ<br>ફાતમા | ભણવા<br>ગણવા<br>ચણવા |
| રામ નામ જપ.<br>રામ રામ રામ.<br>જય જય રામ.<br>થાય આપણાં કામ. | આવ<br>લાવ<br>ચાવ | સાટા<br>પાટા<br>લાટા | રજા<br>મજા<br>ધજા | સાજા<br>તાજા<br>રાજા |

# વાચન મોતી..................૪

| | | | | |
|---|---|---|---|---|
| મને સેવ ભાવે.<br>તને મમરા ભાવે.<br>મને કેળાં ભાવે.<br>તને ખાખરા ભાવે. | એન<br>ઘેન<br>પેન | રેલ<br>ખેલ<br>ઢેલ | તેલ<br>વેલ<br>જેલ | જેમ<br>તેમ<br>એમ |
| સવાર થાય.<br>તારા આથમે.<br>કેતન જાગે.<br>દાતણ માગે. | રમે<br>જમે<br>નમે | આપે<br>માપે<br>કાપે | કરે<br>ફરે<br>ચરે | એક<br>બે<br>તેર |
| કેતન આવે છે.<br>કેળાં લાવે છે.<br>કેળાં કાપે છે.<br>બધાંને આપે છે. | ભણશે<br>ગણશે<br>લખશે | દળેલાં<br>બળેલાં<br>તળેલાં | આવશે<br>લાવશે<br>ભાવશે | સવારે<br>સાંજે<br>આવજે |

| | | | | |
|---|---|---|---|---|
| બહેન ભણે છે.<br>એક બે ગણે છે.<br>એકડા લખે છે.<br>ક,કા,કે વાંચે છે. | પેંડા<br>ગેંડા<br>ડેંડા | પડેલાં<br>સડેલાં<br>નડેલાં | તેં<br>મેં<br>હેં | રાંધેલાં<br>સાંધેલાં<br>બાંધેલાં |
| મામા આવે.<br>મેવા લાવે.<br>દાદા આવે.<br>દરાખ લાવે. | ટેક<br>છેક<br>શેક | લટકે<br>મટકે<br>ચટકે | કટકે<br>બટકે<br>છટકે | ચેપ<br>લેપ<br>ખેપ |
| વરસાદ પડે છે.<br>દેડકાં તરે છે.<br>ઢેલ નાચે છે.<br>રાધા નાચે છે. | પહેલા<br>વહેલા<br>સહેલા | સેવ<br>દેવ<br>ટેવ | રમેશ<br>જયેશ<br>હરેશ | ટેકરા<br>ઠેકડા<br>એકડા |

| | | | | |
|---|---|---|---|---|
| આ ઘર છે.<br>ઘર પાસે ઝાડ છે.<br>ઝાડ પાસે તળાવ છે.<br>તળાવમાં મગર છે. | જેવા<br>તેવા<br>કેવા | પેટ<br>બેટ<br>ભેટ | ફેરવે<br>ભેરવે<br>ટેરવે | ચઢે<br>વઢે<br>લઢે |
| રમેશ રમે છે.<br>જયેશ જમે છે.<br>ગાય ચરે છે.<br>બતક તરે છે. | ખેતર<br>તેતર<br>નેતર | કેશવ<br>કેસર<br>રેશમ | ચમકે<br>ટમકે<br>ઢમકે | એરણ<br>વેરણ<br>વેલણ |

| | | | | |
|---|---|---|---|---|
| મારી ઢીંગલી નાની,<br>બેસે છાનીમાની.<br>તારી ઢીંગલી જાડી,<br>એક આંખે બાડી. | દિલ<br>મિલ<br>જિન | રિક્ષા<br>ભિક્ષા<br>દિશા | દિન<br>નિશા<br>હિંદ | સિંધ<br>તિથિ<br>લિપિ |
| આવ સવિતા આવ.<br>આ સિતાર લે.<br>આવ લલિતા આવ.<br>આ કવિતા ગા. | કવિતા<br>સવિતા<br>નિશાળ | વિશાળ<br>લલિતા<br>સરિતા | ટિકિટ<br>મિનિટ<br>વનિતા | નમિતા<br>કિનારા<br>મિનારા |
| વિમાન આવે છે.<br>ઘરરર ચાલે છે.<br>આનિલ આવે છે.<br>ઘડિયાળ લાવે છે. | શિયાળ<br>શિકાર<br>તિલક | વિજય<br>વિનય<br>અનિલ | વિલાસ<br>વિમાન<br>અજિત | વિષય<br>વિચાર<br>સિલક |

| | | | | |
|---|---|---|---|---|
| આ નિશાળ છે.<br>વિજય આવે છે.<br>સરિતા જાય છે.<br>કવિતા ગાય છે. | ઢાળિયા<br>માળિયા<br>ખાળિયા | શનિવાર<br>રવિવાર<br>ઘડિયાર | પિંજર<br>સિંહ<br>હિંગ | હિંમત<br>કિંમત<br>સિંહણ |
| આ સિંહ છે.<br>સિંહ શિકાર કરે છે.<br>આ સિંહણ છે.<br>સિંહણ વનમાં ફરે છે. | કળી<br>સળી<br>વળી | લીલી<br>પીળી<br>કેસળી | ખાટી<br>મીઠી<br>તીખી | કેરી<br>શેરી<br>ફેરી |
| લાકડી લીધી.<br>આમલી પાડી.<br>આમલી ચાખી.<br>ખાટી લાગી. | કાળી<br>રાતી<br>માટી | ગાડી<br>જાડી<br>પાડી | સાડી<br>વાડી<br>ઝાડી | પાણી<br>રાણી<br>ધાણી |

| | | | | |
|---|---|---|---|---|
| બરણી દીઠી.<br>સાકર લીધી.<br>સાકર ચાખી.<br>મીઠી લાગી. | જલેબી<br>તપેલી<br>હવેલી | દિવાળી<br>હરિયાળી<br>વરિયાળી | તળેલી<br>બળેલી<br>દળેલી | બિલાડી<br>નિસરણી<br>પિચકારી |
| આ બિલાડી મારી છે.<br>રંગે સાવ કાળી છે.<br>પેલી બિલાડી તારી છે.<br>રંગે સરસ મજાની છે. | સીંદરી<br>મીંદરી<br>ઢીંગલી | ઢીંગલી<br>ચીંથરી<br>છીંકણી | રીંગણી<br>ભીંડી<br>વીંટી | માટલી<br>પાટલી<br>ખાટલી |

| | | | | |
|---|---|---|---|---|
| મારે ઘેર આવજે માવા,<br>ઊના ઊના ઢેબરાં ખાવા.<br>ઢેબરાં મારાં તળિયાં તેલ,<br>ખાઈપીને કરજે ખેલ. | કનુ<br>મનુ<br>જનુ | ટિનુ<br>વિનુ<br>દિનુ | તારું<br>મારું<br>સારું | ધીરુ<br>વીરુ<br>હીરુ |
| આ રાજુ.<br>ખાય કાજુ.<br>તાજું માજું.<br>વગાડે વાજું. | લીલું<br>પીળું<br>રાતું | આછું<br>તાળું<br>જાડું | કાજુ<br>બાજુ<br>રાજુ | આબુ<br>બાબુ<br>સાબુ |
| આ દુકાન છે.<br>સરલા સાબુ લે.<br>જમના ઝાડુ લે.<br>વિમળા વાજું લે. | નટુ<br>મટુ<br>ગટુ | આડું<br>કાળું<br>સારું | જાડું<br>પાડું<br>ગાડું | કુમળી<br>ખુરશી<br>તુલસી |

| | | | | |
|---|---|---|---|---|
| કાજુ લાવ.<br>કાજુ ખા.<br>ચિકુ લાવ.<br>ચીકુ ખા. | ઉંદર<br>ગુંદર<br>સુંદર | ઝાંખું<br>પાંખું<br>ત્રાંસું | સાંકડું<br>માંકડું<br>લાકડું | સુથાર<br>લુહાર<br>કુંભાર |
| કનુનું ઘર.<br>સુંદર ઘર.<br>ઉંદરનું ઘર.<br>લાંબું દર. | ઊલ<br>મૂલ<br>ફૂલ | મૂળા<br>પૂળા<br>ધુળા | કૂચ<br>પૂછ<br>મૂછ | ચૂપ<br>ધૂપ<br>છૂપ |
| ઝૂલ રે ઝૂલ,<br>હાથીભાઈ ઝૂલ.<br>તારી તે સૂંઢમાં,<br>કમળનું ફૂલ. | ચૂલ<br>ઝૂલ<br>ભૂલ | ઘૂઘરી<br>સૂઘરી<br>ભૂખરી | હજૂર<br>ખજૂર<br>મજૂર | પૂતળી<br>સૂતળી<br>ફૂકડી |

| | | | | |
|---|---|---|---|---|
| કનુને ભૂખ લાગે.<br>બા દૂધ આપે.<br>કનુ દૂધ પીએ.<br>પછી ખજૂર ખાય. | ખૂબ<br>ભૂખ<br>દૂધ | કૂણી<br>પૂણી<br>ધૂણી | તૂરું<br>ભૂરું<br>પૂરું | રૂડી<br>ચૂડી<br>સુડી |
| કાળાં કાળાં જાંબુ.<br>ઊંચે લટકે જાંબુ.<br>સૂપડી ભરી જાંબુ લે.<br>મૂઠી ભરી જાંબુ દે. | જૂઠ<br>મૂઠ<br>સૂંઠ | ઊંચી<br>કૂંચી<br>ખૂંચી | ઊંડી<br>કૂંડી<br>મૂંડી | ઝૂંપડી<br>સૂપડી<br>પૂંછડી |

આ વૈદ છે.

તૈયબને તાવ આવે છે.

તે વૈદ પાસે જાય છે.

વૈદ દવા આપે છે.

તાળી પાડે છોકરાં.

મામા લાવે ટોપરાં.

ટોપરાં તો ભાવે નહિ.

ખારેકડી તો લાવે નહિ.

તૈયબ દવા ખાય.

પછી સૂઈ જાય.

તેથી તાવ ઊતરી જાય.

ને તૈયબ સાજો થાય.

| | | | | |
|---|---|---|---|---|
| પૈસા | ચૈતર | સૈનિક | સૈયદ |
| પૈડું | વૈશાખ | દૈનિક | તૈયબ |
| પપૈયું | તૈયાર | નૈવેદ | નૈષધ |

ભૈયાજી પપૈયાં વેચે છે.

ભૈરવી પપૈયાં લે છે.

વૈશાલી પૈસા આપે છે.

મૈથિલી પપૈયું ચાખે છે.

| | | |
|---|---|---|
| નૈયા | ગવૈયા | બપૈયા |
| મૈયા | ભવૈયા | બજવૈયા |
| છૈયા | કનૈયા | લડવૈયા |
| રવૈયા | છપૈયા | ઘડવૈયા |

| | | | | |
|---|---|---|---|---|
| આ કૈલાસ છે.<br>આ નૈષધ છે.<br>બંને નિશાળે જાય છે.<br>સરસ કવિતા ગાય છે. | રમો<br>જમો<br>ભમો | કાળો<br>રાતો<br>ધોળો | તરો<br>મરો<br>સારો | શીરો<br>વીરો<br>ધીરો |
| દાદાજીનો ડંગોરો લીધો.<br>તેનો તો મેં ઘોડો કીધો.<br>ઘોડો ચાલે રમઝમ.<br>ઘૂઘરો વાગે ઘમઘમ. | મોટો<br>ફોટો<br>જોટો | થોડો<br>મોડો<br>જોડો | નાનો<br>છાનો<br>માનો | લીલો<br>ખીલો<br>ઢીલો |
| ચાંદા પોળી,<br>ઘીમાં ઝબોળી.<br>બચુભાઈનાં મોંમા,<br>હબૂક પોળી. | બોર<br>મોર<br>ગોર | કોત<br>ખોટ<br>લોટ | જાડો<br>પાડો<br>ખાડો | એવડો<br>જેવડો<br>તેવડો |

| | | | | |
|---|---|---|---|---|
| ચૌલા ચૌટે ફરે.<br>મૌલા નમાજ પઢે.<br>ગૌરી ગોરસ પીરસે.<br>પૌરવી પાણી ભરે. | નૌકા<br>ટૌકા<br>ચૌટા | સૌ<br>ચૌદ<br>વૌઠા | ચૌલા<br>મૌલા<br>પૌંઆ | નૌતમ<br>ગૌતમ<br>ગૌરી |
| નૌતમ નાટક કરે.<br>ગૌતમ ગીત ગાય.<br>સૌરભ સિતાર વગાડે.<br>કૌશિક કવિતા ગાય. | કૌરવ<br>ગૌરવ<br>ગૌમાતા | કૌમુદી<br>ઔષધ<br>ચૌહાણ | કૌશિક<br>મૌખિક<br>મૌલિક | સૌરભ<br>ગૌશાળા<br>કાકાકૌઆ |

| | | |
|---|---|---|
| થૈ થૈ નાચે નંદ કનૈયો.<br>જશુમતીનો નાનો છૈયો.<br>ઢોલક વગાડે ગોરી રાધા.<br>માખણ મીસરી સૌએ ખાધા. | મારો છે મોર,<br>મારો છે મોર.<br>મોતી ચરંતો,<br>મારો છે મોર.<br>મારી છે ઢેલ,<br>મારી છે ઢેલ.<br>મોતી ચરંતી,<br>મારી છે ઢેલ. | નૈષધ લાવે મીઠાં બોર,<br>ગૌરી લાવે ધાણી.<br>સૌ છોકરા ભેગા બેસી,<br>કરશે મોટી ઉજાણી. |

ચાલો, વૌઠાનો મેળો જોવા.

ચકડોળમાં બેસી ચકર ફરવા.

રેતીમાં બેસી કેળાં ખાવા.

મોર,પોપટ ને ઢીંગલી લેવા.

એક હતી ચકી.

એક હતો ચકો.

ચકી લાવે ચોખાનો દાણો.

ચકો લાવે મગનો દાણો.

તેની બનાવે ખીચડી.

ખાય પીએ ને મજા કરે.

ચાલો, નૌકા નૌકા રમીએ.

પૌરવી પૌંઆ લાવે.

મૌલવી બાંગ પોકારે.

કાકાકૌઆ હીંચકે બેસે.

મામાનું ઘર કેટલે ?

દીવા બળે એટલે.

દીવા તો મેં દીઠા,

મામા લાગે મીઠા.

ભાણિયા રમે ચોકમાં,

મામી બેઠી ગોખમાં.

| | |
|---|---|
| નૌતમ નાચે,ગૌતમ નાચે,<br>નાચે સૌરભ,સીતા.<br>કૌશિક નાચે,મૌલિક નાચે,<br>નાચે ગૌરવ, ગીતા. | ઘમ વલોણું  ઘમ,<br>ખાટી છાશ છમ.<br>ઘી ને માખણ જમ.<br>ઘૂઘરી વાગે ઘમ.<br>ઘમ ઘમ ઘૂઘરી<br>વાગતી જાય,<br>ભાભી નેતરાં<br>ખેંચતી જાય. |
| શંકર શંકર અહીં આવ.<br>આપણે સૌ પતંગ ચગાવીએ.<br>દૌલત દોર પકડે.<br>પંકજ પેચ લડાવે. | લોઢાના બે લાટા,<br>એનું નામ પાટા.<br>પાટે ગાડી દોડી જાય,<br>છૂક છૂક કરતી ચાલી જાય.<br>જરાક પાટા આડા થાય,<br>ધડાક કરતી તૂટી જાય. |

| | |
|---|---|
| મોર મોર જોરમાં,<br>કલગીના તોરમાં,<br>અંધારે ચાલ મા.<br>તારું પીછું સૌને ગમતું.<br>કાંનકુંવરને માથે રમતું. | આ આપણો ઝંડો,<br>કેસરી,ધોળો ને લીલો.<br>ઊંચો ઊંચો ચઢે,<br>આકાશે જઈ અડે<br>અને<br>સદાય ફરકતો રહે. |
| વાદળ, વાદળ,<br>વરસો પાણી.<br>મોજ પડે<br>ફોરાં ઝીલવાની. | કાગળ લીધો, હોડી કરી,<br>નદીએ જઈને તરતી મૂકી.<br>તરતી તરતી દરિયે ગઈ,<br>દરિયે જઈને ડૂબી ગઈ. |
| રમકડાંની રેંકડી આવી.<br>ઢીંગલી  લાવી, ફૂમતું લાવી.<br>બંગડી લાવી,ટીલડી લાવી.<br>મોર,પોપટ ને કોયલ લાવી. | મધુરી મોરલી વાગી,<br>ઝબકીને રાધા જાગી.<br>દોટ મૂકીને ભાગી.<br>છૂમ....છૂમ ઝાંઝરી વાગી. |

કાના તારી મોરલી દે,
સોનૈયા લે ને રૂપૈયા લે.
દૂધે ભરેલી મટકી લે,
મુગટમાં મેલવા મોરપીંછ લે,
પણ મને આ મોરલી દે ને દે.

માધા ભગતની છાપરી.
ઠંડી મજાની છાંયડી.
છાંયડીમાં એક પરબડી.
પરબડીનાં મીઠાં પાણી.
અલકમલકના લોકો આવી
પરબડીનાં પાણી પીતાં,
ઘડી બે ઘડી વિસામો લઈને
પોતપોતાને પંથે પડતા.

એનઘેન દીવા ઘેન.
ડાહીનો ઘોડો,
ખડ ખાતો,
પાણી પીતો,
રમતો જમતો,
છૂ....ટો.

લેને તારી લાકડી,
લેને તારી કામળી.
ગાયો ચરાવવા
નહિ જાઉં માવલડી.

| | |
|---|---|
| દરિયા ઉપર હોડી,<br>હોડી ઉપર છોડી.<br>આભ નીચે ધરતી,<br>ધરતી ઉપર પાણી.<br>પાણી નીચે મોતી,<br>મોતી લેજો ગોતી. | બહેન મારી લાકડી,<br>લાવી દૂધની વાડકી.<br>વચમાં મીની નડી,<br>દૂધની વાડકી પડી.<br>બહેની ખૂબ રડી,<br>આંસુ આવે દડી. |
| ભાઈ મારો વીરો,<br>ખાવા જોઈને શીરો.<br>ઘોડિયામાં પોઢે,<br>લીલી ગોદડિ ઓઢે.<br>પોઢીને એ જાગે,<br>તરત ખાવાનું માગે. | ચકલી ચકલી ચીં...ચીં.<br>ટીપું પાણી પી...પી.<br>બકરી બકરી બેં..બેં.<br>આલો,પાલો લે...લે. |
| મીની મીની મિયાઉં મિયાઉં<br>ઓરી આવ, દૂધ પાઉં<br>કાગડા કાગડા કા...કા.<br>મોટા સાદે ગા...ગા. | કૂકડા કૂકડા કૂકરે કૂક,<br>મને લાગી મીઠી ભૂખ.<br>ઉંદરમમા ચૂં...ચૂં.<br>સામે ઊભો હું...છું. |

ઉમાબા...

વાચન મોતી.......૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘર | અંદર | ગણ | ચણતર | સરસ | નટવર |
| કર | પંદર | ભણ | ભણતર | વરસ | જયમલ |
| ફર | બંદર | વણ | ગણતર | તરસ | અમરત |
| ચર | અંતર | તન | નડતર | કલમ | કરસન |
| તર | જંતર | મન | પડતર | મલમ | ભગવત |
| ભર | મંતર | ધન | કળતર | ચલમ | મનહર |
| વડ | શંકર | રંગ | શરબત | ભજન | દલપત |
| થડ | કંકર | જંગ | કરવત | વજન | અકબર |
| ચડ | જંગલ | સંપ | હઝરત | કમળ | મહંમદ |
| પડ | મંગલ | જંપ | કસરત | વમળ | ગણપત |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કાકા | આપ | રજા | ડગલા | નાણાં | રાજપાટ |
| દાદા | કાપ | મજા | ભગલા | છાણાં | ખાનપાન |
| મામા | જાપ | સજા | બગલા | ગાણાં | આસપાસ |
| તારા | જાગ | દડા | બગડા | સાંકડા | નાસભાગ |
| મારા | ભાગ | વડા | તગડા | વાંકડા | રામરાજ |
| નાના | નાગ | ઘડા | છગડા | ફાંકડા | કામકાજ |
| સારા | દાઢ | દવા | દાબડા | ટાંકણાં | કાચાપાકા |
| કાળા | કાઢ | હવા | ખાટલા | ઢાંકણાં | આટાપાટા |
| માળા | વાઢ | કલા | પાટલા | પતાસાં | તાજામાજા |
| શાળા | માઢ | ભલા | બાટલા | બગાસાં | છાનામાના |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કીકી | કળી | કાકી | ચકલી | કિનારી | પીંછી |
| ચીકી | સળી | ફાકી | તકલી | મિનારી | વીંછી |
| ટીકી | નળી | બાકી | નકલી | સિતારી | છીંડું |
| પીઠી | કઢી | જાડી | ચકરી | વીજળી | મીંડું |
| દીઠી | વઢી | પાડી | શકરી | ટીકળી | ખીંટી |
| મીઠી | મઢી | ગાડી | બકરી | ખીચળી | વીંટી |
| લીલી | ઈસ | લાડી | ખાટલી | ભિખારી | લંગડી |
| પીળી | વીસ | સાડી | પાટલી | બિલાડી | બંગડી |
| કીડી | ચીસ | વાડી | માટલી | કાકડી | વાંકડી |
| સીડી | રીસ | નાડી | બાટલી | લાકડી | ફાંકડી |



| | | | | | |
|---|---|---|---|---|---|
| કનુ | ઇંદુ | ઉંદર | ચૂલ | પૂજા | સૂકું |
| મનુ | બિંદુ | ગુંદર | ફૂલ | ફૂજા | ઝૂકું |
| જનુ | હિંદુ | સુંદર | ઝૂલ | ફૂવા | મૂકું |
| કાજુ | રાંધુ | ગુવાર | ભૂલ | ભૂવા | રૂઠું |
| રાજુ | સાંધું | ખુવાર | ફૂટ | ફૂણી | જૂઠું |
| બાજુ | બાંધું | ગુલાબ | ફૂટ | પૂણી | પૂઠું |
| આબુ | લીલું | જુલાબ | બૂટ | ધૂણી | લૂલી |
| બાબુ | પીળું | સુથાર | પૂછ | ચૂડી | ભૂલી |
| લાલુ | ટીલું | લુહાર | મૂછ | સૂડી | પૂરી |
| બાલુ | ઢીલું | કુંભાર | લૂછ | ઝૂડી | બૂરી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ખજૂર | ગૂંગી | ચૂરમું | તેલ | એક | હસે |
| મજૂર | મૂંગી | કૂતરું | વેલ | ટેક | ખસે |
| હજૂર | ચૂંગી | પૂતળું | ખેલ | નેક | વસે |
| સૂપડું | થૂંકે | ભૂંગળું | રેલ | પેટ | ભસે |
| ઝૂંપડું | ભૂંકે | ગૂંચળું | મેલ | બેટ | સેવા |
| લૂમખું | ફૂંકે | પૂંછડું | કેશ | ભેટ | મેવા |
| ઝૂમખું | ઊંઘે | કૂકડો | વેશ | શેઠ | લેવા |
| ફૂમતું | સૂંઘે | ફૂટડો | દેશ | વેઠ | દેવા |
| ગૂમડું | રૂંછાં | કબૂતર | લેશ | ઠેક | જેવા |
| લૂગડું | છૂછાં | તરબૂચ | જેલ | છેક | તેવા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કેરી | કેસ | ખેતર | નૈયા | કૈલાશ | ગવૈયો |
| શેરી | ખેસ | તેતર | ભૈયા | વૈશાખ | ભવૈયો |
| ડેરી | ઘેંસ | નેતર | મૈયા | શૈલેશ | રવૈયો |
| વેરી | ભેંસ | છેતર | છૈયા | નૈશધ | પપૈયો |
| કેડી | ગેંડા | જયેશ | કનૈયા | ભૈરવી | બપૈયો |
| ખેડી | પેંડા | પરેશ | જાનૈયા | કૈકેયી | જમૈયો |
| તેડી | મેંદી | નરેશ | રૈયત | વૈતાળ | ઘેરૈયો |
| મેડી | ફેંદી | સહેલા | નૈયત | વૈકુંઠ | કેલૈયો |
| એડી | ખેંચી | વહેલા | સૈયદ | સૈનીક | બજવૈયો |
| ગેડી | ફેંકી | પહેલા | તૈયબ | દૈનીક | તરવૈયો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મોર | રમો | વેલો | મોર | નૌતમ | મૌખિક |
| જોર | નમો | પેલો | પોપટ | ગૌતમ | કૌરવ |
| ઘોર | જમો | ઘેલો | કોયલ | ગૌમાતા | ગૌરવ |
| ચોર | ચડો | મૂછો | રોટલી | ગૌશાલા | પૌંઆ |
| ઘોડો | પડો | પૂછો | ઓટલી | કૌવત | મૌલા |
| થોડો | રડો | લૂછો | પોટલી | ચૌહાણ | ચૌલા |
| જોડો | ઘડો | રાણો | ગોટલી | આકડો | ચણિયો |
| દોડો | ભણો | કાણો | લૂલો | ચાકડો | મણિયો |
| પોંક | ગણો | શાણો | ચૂલો | માંકડો | શિયાળો |
| ચોંક | વણો | ભાણો | ભૂલો | સાંકડો | ઉનાળો |
| તડકો | નોકર | થડકો | તોરણ | રાગડો | દરિયો |
| ભકડો | ઠોકર | કાગડો | ધોરણ | તાગડો | સળિયો |

ઉમાબા...

| પશુઓ | | પંખીઓ | | જીવજંતુ અને પ્રાણી | |
|---|---|---|---|---|---|
| સિંહ | ગાય | ચકલી | સમડી | માખી | માછલી |
| વાઘ | ભેંસ | કાગડો | ગીધ | મચ્છર | મગર |
| ચિત્તો | બકરી | કાબર | ઘુવડ | માંકડ | ગરોળી |
| રીંછ | ઘેટું | કોયલ | હોલો | મધમાખી | કાચબો |
| શિયાળ | બળદ | મેના | હંસ | વીંછી | દેડકો |
| હાથી | ઊંટ | પોપટ | બતક | સાપ | અળસિયું |
| હરણ | ઘોડો | મોર | બગલો | જગર | કાનખજૂરો |
| સાબર | ગધેડો | ઢેલ | કૂકડો | કરચલો | કંસારી |
| સસલું | કૂતરો | બુલબુલ | મરઘી | ઉંદર | પતંગિયું |
| વાંદરો | બિલાડી | કબૂતર | સારસ | નોળિયો | ચામાચીડિયું |

| અનાજ અને કઠોળ | | શાકભાજી | | ફળ | |
|---|---|---|---|---|---|
| ઘઉં | મગ | બટેટાં | કાકડી | કેરી | દરાખ |
| જુવાર | મઠ | ટમેટાં | દૂધી | કેળાં | સીતાફળ |
| બાજરી | અડદ | રીંગણા | તૂરિયાં | દાડમ | સફરજન |
| મકાઈ | ચણા | કોબીજ | ગલકાં | જમરૂખ | અનાનસ |
| જવ | વાલ | ફુલાવર | કારેલાં | સંતરાં | ફણસ |
| ચોખા | વટાણા | ભીંડા | ટીંડોરાં | મોસંબી | તરબૂચ |
| બંટી | તુવેર | મરચાં | કંટોલાં | બોર | ખજૂર |
| કોદરા | કળથી | ડુંગળી | મેથી | રાયણ | ખારેક |
| *** | *** | ગાજર | તાંદળજો | જાંબુ | કાજુ |
| *** | *** | પાલખ | | બદામ | |

| ઝાડ અને ફુલ | | મસાલા | | કુદરત | |
|---|---|---|---|---|---|
| આંબો | ગુલાબ | આદું | તજ | નદી | ખેતર |
| પીપળો | મોગરો | મરચાં | લવિંગ | તળાવ | આકાશ |
| વડ | કમળ | કોથમીર | સૂંઠ | નહેર | વાદળાં |
| આસોપાલવ | રાતરાણી | ધાણા | મરી | ઝરણાં | વરસાદ |
| લીમડો | બારમાસી | જીરું | પીપર | દરિયો | વીજળી |
| આમલી | સૂરજમુખી | હિંગ | એલચી | ડુંગર | મેઘધનુષ |
| નાળિયેરી | ચંપો | રાઈ | વરિયાળી | ધરતી | પવન |
| ખજૂરી | ચમેલી | મેથી | ખસખસ | રણ | તારા |
| તાડ | કેવડો | સંચર | જાયફળ | પાદર | ચંદ્ર |
| બાવળ | કરેણ | **** | **** | ઝાડ | સુરજ |

| શરીરનાં અંગો | | | ઋતુઓ: ત્રણ | | |
|---|---|---|---|---|---|
| માથું | દાઢી | અંગૂઠો | ૧.શિયાળો | ૨.ઉનાળો | ૩.ચોમાસું |
| વાળ | કાન | છાતી | કારતક | ફાગણ | અષાઢ |
| મોં | ગરદન | કમર | માગશર | ચૈત્ર | શ્રાવણ |
| લમણાં | ખભા | પગ | પોષ | વૈશાખ | ભાદરવો |
| કપાળ | હથેળી | ઢીંચણ | મહા | જેઠ | આસો |
| નાક | બાવડાં | ઘૂંટી | વાર:સાત | | |
| દાંત | કાંડું | પંજો | રવિવાર | બુધવાર | શનિવાર |
| પેઢાં | પહોંચો | પાની | સોમવાર | ગુરુવાર | *** |
| જીભ | આંગળી | એડી | મંગળવાર | શુક્રવાર | *** |
| તાળવું | નખ | *** | *** | *** | *** |

| અંગ્રેજી મહિના | | દિશા-ખૂણા | | તિથિ | |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | જૂલાઈ | પૂર્વ | ઈશાન | પડવો | નોમ |
| ફેબ્રુઆરી | ઓગસ્ટ | પશ્ચિમ | અગ્નિ | બીજ | દશમ |
| માર્ચ | સપ્ટેમ્બર | ઉત્તર | નૈઋત્ય | ત્રીજ | અગિયારસ |
| એપ્રિલ | ઓક્ટોમ્બર | દક્ષિણ | વાયવ્ય | ચોથ | બારસ |
| મે | નવેમ્બર | *** | *** | પાંચમ | તેરસ |
| જૂન | ડિસેમ્બર | *** | *** | છઠ | ચૌદસ |
| રંગો | | | | સાતમ | પૂનમ |
| લાલ | કાળો | લીલો | નારંગી | આઠમ | અમાસ |
| પીળો | સફેદ | ગુલાબી | રાખોડી | *** | *** |
| વાદળી | જાંબલી | કેસરી | બદામી | *** | *** |

| તહેવારો | | ધંધાદારીઓ | | | સગાં-વહાલાં |
|---|---|---|---|---|---|
| દિવાળી | નવરાત્રી | સુથાર | કંસારા | કાગદી | દાદા-દાદી |
| ઉત્તરાયણ | ઈદ | લુહાર | કડિયા | ટપાલી | નાના-નાની |
| હોળી | પટેટી | કુંભાર | કાછિયા | શિક્ષક | બા-બાપુજી |
| જન્માષ્ટમી | નાતાલ | ઘાંચી | મોદી | ડોક્ટર | કાકા-કાકી |
| બળેવ | દશેરા | મોચિ | કંદોઈ | વૈદ | મામા-મામી |
| શરદ-પૂનમ | ગણેશ ચોઠ | દરજી | ગોવાળ | પોલીસ | કુઆ-ફોઈ |
| આકારો | | ધોબી | ભરવાડ | ડ્રાઈવર | માસા-માસી |
| ગોળ | લંબચોરસ | સોની | તંબોળી | ખલાસી | ભાઈ-ભાભી |
| ચોરસ | શંકુ | માળી | મણિયાર | માછીમાર | બહેન-બનેવી |
| ત્રિકોણ | લંબગોળ | ખેડૂત | વણકર | કાપડિયો | સાળા-સાળી |

| વાહનો | | સંતો-મહંતો | |
|---|---|---|---|
| ગાડું | મોટર | ભગવાન બુદ્ધ | વાલ્મીકિ |
| ઘોડાગાડી | બસ | મહાવીર સ્વામી | વ્યાસ ભગવાન |
| ઊંટગાડી | ખટારો | ઈસુ ખ્રિસ્ત | સંત તુકારામ |
| સાઇકલ | આગગાડી | મહંમદ પયગંબર | સંત એકનાથ |
| સ્કૂટર | હોડી | સંત તુલસીદાસ | સંત નામદેવ |
| રિક્ષા | વહાણ | સંત જ્ઞાનેસ્વર | રામકૃશ્ણ પરમહંસ |
| આગબોટ | વિમાન | સંત કબીર | સ્વામી વિવેકાનંદ |
| સબમરીન | રોકેટ | ગુરુ નાનક | મીરાંબાઈ |
| રેલગાડી | લૉંચ | દયાનંદ સરસ્વતી | નરસિંહ મહેતા |
| હેલિકોપ્ટર | છકડો | સ્વામિનારાયણ | ગાંધીજી |

| કેવું(સરખામણી) | કોના જેવું(સરખામણી) |
|---|---|
| કાળું મેશ જેવું | સિંહ જેવું બળવાન |
| ધોળું દૂધ જેવું | સસલા જેવું બીકણ |
| પીળું હળદર જેવું | પથરા જેવું કઠણ |
| લાલ ચણોઠી જેવું | રૂ જેવું પોચું |
| ગળ્યું મધ જેવું | સીસમ જેવું ભારે |
| તીખું મરચા જેવું | ફુલ જેવું હળવું |
| ખારું ઊસ જેવું | પાણી જેવું પાતળું |
| ખાટું આમલી જેવું | રેશમ જેવું સુંવાળું |
| કડવું લીમડા જેવું | આકાશ જેવું ઊંચું |
| ગોળ દડા જેવું | બરફ જેવું ઠંડું |

| પ્રાણીઓનાં બચ્ચાં | કેટલાક અવાજો |
|---|---|
| ગાયનું બચ્ચું વાછરડું | કૂતરો બોલે હાઉ...હાઉ.. |
| કૂતરાનું બચ્ચું ગલૂડિયું | બિલ્લી બોલે મ્યાઉં.. મ્યાઉં.. |
| હાથીનું બચ્ચું મદનિયું | કોયલ બોલે કૂ...કૂ.. |
| ભેંસનું બચ્ચું પાડું | ચકલી બોલે ચીં...ચીં.. |
| ઘેટાનું બચ્ચું ગાડરું | ઘોડો બોલે હીં...હીં.. |
| ઘોડાનું બચ્ચું વછેરું | કાગડો બોલે હીં...હીં.. |
| ગધેડાનું બચ્ચું ખોલકું | કાગડો બોલે કા...કા.. |
| ઊંટનું બચ્ચું બોતડું | બાબલો કહે જા...જા.. |
| મરઘીનું બચ્ચું પીલું | બકરી બોલે બેં...બેં |
| સાપનું બચ્ચું કણો | બબલી રડે એં...એં.. |

@પ્રકાશ..

| કેટલીક ક્રિયાઓ | કેવી રીતે ? |
|---|---|
| ઊંટ ગાંગરે. | ઘડિયાળ ચાલે ટકટક. |
| વહાણ નાંગરે. | ચમકે મોતી ચકચક. |
| પાડી રણકે. | બિલ્લી ચાટે ચપચપ. |
| ઝાંઝર ઝણકે. | પાણી પડે ટપટપ. |
| સિંહ ત્રાડે. | રીંછ ખાય લબલબ. |
| પડઘો પડે. | ધોકા પડે ધબધબ. |
| ઘોડો હણહણે. | વીજળી ચમકે ચમચમ. |
| ધરતી ધણધણે. | ઝાંઝર વાગે છમછમ. |
| ગાવડી ભાંભરે. | નદી વહે ખળખળ. |
| માવડી સાંભરે. | ધજા ફરકે ફરફર. |

| રહેઠાણો | ગાય |
|---|---|
| સિંહ-વાઘ બોડમાં. | ગાય મને ગમે છે. |
| ગાય-ભેંસ કોઢમાં. | તેને ચાર પગ હોય છે. |
| ઘેટાં-બકરાં વાડામાં. | તેને બે આંખો હોય છે. |
| ઉંદર-સાપ દરમાં. | તેને એક પૂંછડી હોય છે. |
| માણસ રહે ઘરમાં. | માથે બે શિંગડા હોય છે. |
| કરોળિયો રહે જાળામાં. | તે સફેદ,રાખોડી હોય છે. |
| પંખી ગાતાં માળામાં. | તે ઘાસ ખાય છે. |
| ઊધઈ રહે રાફડામાં. | ગાય દૂધ આપે છે. |
| ઘોડા રહે તબેલામાં. | મને ગાયનું દુધ ભાવે છે. |
| તડકા ટાઢ ખમેલા. | દૂધ મીઠું હોય છે. |

@મનોજ...

| હાથી | ગાય |
| --- | --- |
| હાથી મને ગમે છે. | ગાય મને ગમે છે. |
| તેને ચાર પગ હોય છે. | તેને ચાર પગ હોય છે. |
| તેને લાંબી સૂંઢ હોય છે. | તેને બે આંખો હોય છે. |
| તેને ટૂંકી પૂંછડી હોય છે. | તેને એક પૂંછડી હોય છે. |
| તેના થાંભલા જેવા પગ હોય છે. | માથે બે શિંગડા હોય છે. |
| સૂપડા જેવા કાન હોય છે. | તે સફેદ,રાખોડી હોય છે. |
| તે ઘાસ ખાય છે. | તે ઘાસ ખાય છે. |
| ઝૂલતો ઝૂલતો ભરે ડગ. | ગાય દૂધ આપે છે. |
| હાથીભાઈ તો જાડા. | મને ગાયનું દુધ ભાવે છે. |
| લાગે મોટા પાડા. | દૂધ મીઠું હોય છે. |

| કૂતરો | પોપટ |
| --- | --- |
| મારો એક કૂતરો છે. | પોપટ મને ગમે છે. |
| મેં એને પાળ્યો છે. | તેનો રંગ લીલો હોય છે. |
| બાજીયો એનું નામ છે. | તેને નાની આંખો હોય છે. |
| તેનો રંગ કાળો છે. | લીલી બે પાંખો હોય છે. |
| તેને દૂધ-ભાત ખાય છ | ચાંચ તેની વાંકી હોય છે. |
| તે રોજ વાડીએ જાય છે. | રંગે ચાંચ રાતી હોય છે. |
| તે ઘરની ચોકી કરે છે. | ગળે કાંઠો હોય છે. |
| મારી સાથે રમે છે. | તે મીઠું મીઠું બોલે છે. |
| હાથીભાઈ તો જાડા. | ઝાડ ડાળે ડોલે છે. |
| મને બાજિયો ગમે છે. | મને પોપટ બહુ ગમે છે. |

## કૂકડો

સૌથી વહેલા જાગું છું.

સૌને હું જગાડું છું.

કૂકડે...કૂક કરું છું.

છાતી કાઢી ફરું છું.

માથે રાતી માંજર.

પગમાં નથી ઝાંઝર.

મારું નામ કૂકડો.

લાગું ભારે ફૂટડો.

## હું કોણ ?

રાતનો હું રાજા છું.

રસોડામાં ફરું છું.

જે મળે તે ખાઉં છું.

બોલો હું કોણ છું ? ....

ઉંદર

દિવસનો હું રાજા છું.

દુનિયા આખી ફરું છું.

સૌને ખાવા આપું છું.

રાતે ડુબી જાઉં છું.

બોલો હું કોણ છું ?......

સૂરજ

# આભાર

